પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

તારીખ :૧૧/૦૧/૨૦૨૨

ક્રમાંક:જી/સીપી/વિ.શા/જાહેરનામું/૧૫૧ /૨૦૨૨

## -: જાહેરનામું :-

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ. ૩૭(૪) અન્વયે કાઢેલ હુકમ:

**સંદર્ભ**:- (૧) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તારીખ.૧૧/૦૧/૨૦૨૨
(૨) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તારીખ.૦૭/૦૧/૨૦૨૨
(૩) અત્રેની કચેરીના ક્રમાંકઃજી/સીપી/વિ.શા./જાહેરનામું/૧૦૦/૨૦૨૨, તા.૦૭/૦૧/૨૦૨૨

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને WHO દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શીકાઓ બહાર પાડવામાં આવેલ છે.

**૧.** રાજયમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતીની સમીક્ષા કરી રાજય સરકાર દ્વારા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૨૦૨૨ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી રાજયના ૮ મહાનગરો વડોદરા શહેર સહીત અને બે શહેરોમાં રાત્રિ કરફયુ તેમજ નિયંત્રણો મુકવામાં આવેલ છે.

**૨.** રાજયમાં કોરોનાની વર્તમાન પરિસ્થિતીની સમીક્ષા બાદ ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૨૦૨૨ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી ૮ મહાનગરો અને બે શહેરોમાં અમલમાં મુકવામાં આવેલ રાત્રિ કરફયુ તથા નિયંત્રણોની અવધિ નીચે મુજબના ફેરફાર સાથે તા.૨૨/૦૧/૨૦૨૨ ના સવારના કલાકઃ૦૬/૦૦ સુધી લંબાવવાનો રાજય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે.

વડોદરા શહેર વિસ્તાર વસ્તીની દ્રષ્ટિએ ગીચ અને ભીડભાડ વાળુ હોય નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાં રુપે જાહેર જનતાના હિતમાં ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગના ઉપરોકત સંદર્ભીત પત્ર (૧) હુકમ અન્વયે વાસ્તે હું ડો. શમશેર સિંઘ, (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રી ના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબરઃ જીજી/ ૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલિત જાહેરનામા નંબરઃજીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે નીચે મુજબ હુકમ કરુ છું.

વડોદરા શહેરમાં કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતી ધ્યાને લેતાં તાઃ૦૭/૦૧/૨૦૨૨ ના ઉપરોકત સંદર્ભ (૩) વાળા હુકમથી મુકવામાં આવેલ નિયંત્રણો નીચે મુજબના ફેરફારો સાથે તેમજ રાત્રિ કરફયુ (દરરોજ રાત્રિના ૧૦/૦૦ થી સવારના ૦૬/૦૦ સુધી) તા.૧૨/૦૧/૨૦૨૨ થી તા.૨૨/૦૧/૨૦૨૨ ના સવારના ક.૦૬/૦૦ સુધી અમલમાં મુકવામાં આવે છે.

**૩. નિયંત્રણો:**

| અનુ. | વિગતો | નિયંત્રણો |
|---|---|---|
| ૧ | વડોદરા શહેરમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. |
| ૨ | લગ્ન પ્રસંગ | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.<br>લગ્ન પ્રસંગ માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરાવવાની રહેશે. |

**નોંધ:-** અત્રેની કચેરીના ક્રમાંકઃજી/સીપી/વિ.શા./જાહેરનામું/૧૦૦/૨૦૨૨, તા.૦૭/૦૧/૨૦૨૨ માં ઉપરોક્ત જણાવેલ સીવાયની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

**-:વિસ્તાર:-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા "THE EPIDEMIC DISEASES ACT 1897" અન્વયે "THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ સહિત, The Disaster Management Act, 2005 ની જોગવાઇઓ હેઠળ તેમજ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઇઓ સહિત, The Disaster Management Act, 2005 ની જોગવાઇઓ મુજબ તેમજ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

કમિશ્નર ઓફ પોલીસ વડોદરા શહેર, વડોદરા

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**સવિનય નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાન પત્રોમા તથા ચેનલોમા વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધ કરવા વિનંતી સહ**